# શ્રી કલ્યાણસાગરસૂરિજીની શ્રુતોપાસના

—શ્રી હીરાલાલ ર. કાપડીઆ

ઉપલબ્ધ સાહિત્ય જોતાં કલ્યાણસાગરસૂરિએ રચેલી ઓછામાં ઓછી[1] ૩૨ કૃતિઓ આજે મળે છે. આ એમના ઉપલબ્ધ કૃતિકલાપને આપણે બે વર્ગમાં વિભક્ત કરી શકીએ. આ બત્રીશ કૃતિઓમાં કેટલીક સંસ્કૃત કૃતિઓ છે અને કેટલીક ગુજરાતી કૃતિઓ છે. હિંદીમાં કે પ્રાકૃતમાં એમણે કોઈ રચના કરી હોય, તો પણ હાલ એકે હિંદી રચના કે પ્રાકૃતની રચના આપણને ઉપલબ્ધ નથી થઈ.

**મિશ્રલિંગકોશ :** આને મિશ્રલિંગનિર્ણય તેમ જ લિંગનિર્ણય પણ કહે છે. એમાં એક કરતાં વધારે લિંગનાં અર્થાત્ નર, નારી અને નાન્યતર જાતિનાં સંસ્કૃત નામોની સૂચિ છે. આમ આ વ્યાકરણના વિષયની કૃતિ છે. આ કૃતિ કલ્યાણસાગરસૂરિજીએ વિક્રમ સંવત ૧૭૦૧ માં પોતાના શિષ્ય વિનયસાગરને માટે સંસ્કૃતમાં રચી છે. આ કૃતિનો ઉલ્લેખ ઉદયસાગરે વિ. સં. ૧૧૦૪ માં રચેલી સ્નાત્રપંચાશિકામાં 'શિવસિંધુ' તરીકે કરેલ છે.

**મિશ્રલિંગકોશ વિવરણ :** 'અંચલગચ્છ દિગ્દર્શન'(પૃ. ૪૫૨) માં આ વિવરણ સ્વોપજ્ઞ-હોવાનું સૂચવાયું છે. સાથે સાથે કહ્યું છે કે, 'જુઓ' ડૉ. બુહલરનો છઠ્ઠો રિપોર્ટ (પૃ. ૭૬૨).' આ રિપોર્ટનો ઉલ્લેખ 'જિનરત્નકોશ' (પૃ. ૩૧૦) માં લીધો છે, પણ તેમાં વિવરણનો ઉલ્લેખ નથી.

(૧) તેઓશ્રી વિ. સં. ૧૬૭૦ થી ૧૬૯૦ સુધી જીવ્યા હોવાનો ઉલ્લેખ 'જિનરત્નકોશ' (પૃ. ૩૧૦) પર છે, તે ભ્રાન્ત છે.

(૨) જિનરત્નકોશમાં શિષ્યનું નામ વિનીતસાગર છે.

(૩) પ્રસ્તુત કૃતિના પ્રણેતા સંબંધી જૈન ગ્રંથાવલિ (પૃ. ૩૧૧) માં અપાયેલી માહિતી પણ યથાર્થ નથી.

---

૧. ઓછામાં ઓછી ૩૨ કૃતિઓ કહેવાનું કારણ એમ છે કે, જિનસ્તોત્રો તરીકે દર્શાવાયેલી કૃતિઓમાં કેટલાં સ્તોત્રો છે, તે જાણવામાં આવ્યું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંસ્કૃત કૃતિઓ

આપણને કલ્યાણસાગરસૂરિજીનાં રચેલાં સાત અષ્ટકો મળે છે. અષ્ટકમાં સામાન્ય રીતે આઠ પદ્યો હોય છે, ક્વચિત નવ પદ્યો હોય છે અને જવલ્લે જ દશ પદ્યો હોય છે. ત્રણે પ્રકારનાં અષ્ટકો પૈકી અહીં માત્ર બે પ્રકારો દૃષ્ટિગોચર થાય છે. તેનાં નામો હું નીચે મુજબ દર્શાવું છું. પહેલાં હું એ જણાવી દઉં કે, સાત અષ્ટકોમાંનાં પાંચ અષ્ટકો નવ પદ્યોનાં છે અને બે અષ્ટકો ૧૦ પદ્યોમાં રચાયેલાં છે.

(૧) कलिकुंड पार्श्वाष्टक : આમાં નવ પદ્યો છે, અને એ કલિકુંડમાંની પુરુષાદાનીય પાર્શ્વનાથની પ્રતિમાના ગુણોનાં કીર્તન રૂપ છે. એમાં હું 'કલિકુંડ' પાર્શ્વનાથને સદા ભજું છું, એ ભાવનું વિવરણ છે.

(૨) गौडिक पार्श्वाष्टक : આમાં દશ પદ્યો છે. એ દ્વારા મરુદેશના સુપ્રસિદ્ધ તીર્થનાયકની સ્તવના કરાઈ છે. કર્તાએ ગોડી પાર્શ્વનાથને અંચલગચ્છરૂપ વાદળને માટે મોર સમાન અને કીર્તિરૂપી લતાને માટે મેઘ સમાન કહ્યા છે.

(૩) महुर पार्श्वाष्टक : આમાં બીજાપુર પાસેના મહુડી ગામમાંથી મળી આવેલી પાર્શ્વનાથની પ્રતિમાને ઉદ્દેશીને દશ પદ્યો રચાયાં છે.

(૪) रावण पार्श्वाष्टक : અલવર પાસેના રાવણા પાર્શ્વનાથની આ અષ્ટકમાં નવ પદ્યો દ્વારા સ્તુતિ કરાઈ છે. એમ કહેવાય છે કે, પ્રતિવાસુદેવ રાવણે અને એની પત્ની મંદોદરીએ વેળુની પ્રતિમા કરાવી હતી. એ ઉપરથી એ પ્રતિમાને રાવણ પાર્શ્વનાથની પ્રતિમા તરીકે ઓળખાવાય છે. મિત્રવંશી અલ્લટ રાવલે (વિ. સં. ૯૨૨ – ૧૦૧૦) અલ્લટપુર વસાવી તેમાં રાવણ પાર્શ્વનાથની સ્થાપના કરી હતી. આથી મૂળે 'રાવલા' શબ્દ હશે અને તે પછી 'રાવણા' ઉચ્ચારાયું હશે, એવી પણ એક કલ્પના થઈ શકે છે.

(૫) वीराष्टक : અહીં વીરપ્રભુ એટલે આબુ તીર્થના નાયક અભિપ્રેત છે. એમના ગુણકીર્તન રૂપ આ અષ્ટકમાં નવ પદ્યો છે.

(૬) संभवनाथाष्टक : આ અષ્ટક સુરતમાં ગોપીપુરામાં સંભવનાથ જિનાલયમાં જે સંભવનાથ તીર્થંકરની પ્રતિમા છે, તેના ગુણગાનરૂપ હોવાનો સંભવ છે; કેમ કે, કલ્યાણસાગરસૂરિએ સુરતમાં ચાતુર્માસ કર્યું છે. આ અષ્ટકમાં નવ પદ્યો છે.

(૭) सेरिस–पार्श्वाष्टक : આમાં નવ પદ્યો છે, અને એ સેરિસાના તીર્થનાયક અંગેનાં છે. મારું તો એમ માનવું છે કે, લોડણ પાર્શ્વનાથ તે જ सेरिस (सा) પાર્શ્વનાથ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તેમ હો પણ અંતમાં ઉલ્લેખ છે કે, तीर्थंकरं नागपुरेशपूज्यं અર્થાત્ નાગપુરના રાજા વડે પૂજવામાં આવેલા તીર્થંકર.

## સ્તોત્રો

[૧] चितामणि पार्श्वनाथ स्तोत्र : આ સ્તોત્રમાં ૧૧ પદ્યો છે. અંતમાં આ નિમ્નલિખિત પંક્તિ આવે છે : इति जिनपतिपार्श्वः पार्श्व–पार्श्वाख्ययक्षः ।

[૨] चित्रस्तोत्रो : 'અંચલગચ્છ દિગ્દર્શન'ના લેખક શ્રી પાર્શ્વ કે આની પ્રતિ તૈયાર કરનાર લહિયાએ કે અન્ય કોઈ વ્યક્તિએ આ નામ યોજ્યું હશે. ચિત્રસ્તોત્રોમાં ઉપર્યુક્ત ચિંતામણિ પાર્શ્વનાથ જિન સ્તોત્ર આવી જાય છે; કેમ કે, ચિત્રસ્તોત્રોમાં કેટલાં સ્તોત્રો છે, તેમ જ પ્રત્યેકમાં કેટકેટલાં પદ્યો છે, એ ત્રણે પ્રશ્નો અત્યારે તો નિરુત્તર રહેવા દઉં છું. આ કૃતિમાં શબ્દાલંકારના એક પ્રકાર રૂપ 'ચિત્ર' અલંકારથી સહિત વિવિધ સ્તોત્રો હશે. એ પ્રત્યેકના બંધનું નામ જાણવામાં નથી. એમાંનાં તમામ સ્તોત્રોની અનેક સચિત્ર પ્રતો હોવા છતાં અદ્યાપિ એકે મળી આવી નથી. કાંતિસાગરજી-ના ભંડારમાં પણ હવે તો નથી, તો એ શોચનીય પરિસ્થિતિનો અંત આણવા માટે સ્તોત્રોની સારી રીતે સચવાયેલી સચિત્ર પ્રત જેઓ પૂરી પાડશે, તેને રૂપિયા અમુકનું ઇનામ અપાશે એમ જાહેર કરાય તો કેમ ?

## સ્તવનો

(૧) अन्तरिक्ष पार्श्वनाथ स्तवन : આ સ્તવનમાં આઠ પદ્યો છે. એ દ્વારા વિદર્ભના સીરપુર નાયકની સ્તવના કરાઈ છે.

(૨) गोडी पार्श्वनाथ स्तवन : આમાં ૧૧ પદ્યો છે.

(૩) गौडीपुर स्तवन : આમાં ૧૭ પદ્યો છે અને એ પણ ગોડીજીના તીર્થનાયકની સ્તવના રૂપ છે.

(૪) दादा पार्श्वनाथ स्तवन : આ નવ પદ્યની કૃતિ છે. તે વડોદરાના દાદા પાર્શ્વ-નાથના ગુણકીર્તન રૂપ છે. એમાં દશ પદ્યો છે.

(૫) આ સ્તવનમાં કર્તાએ પોતાનું पार्श्वजिनस्तवन ગમે તે પાર્શ્વજિનના મંદિર-માં બોલી શકાય તેમ છે, એમ જણાવ્યું છે.

(૬) शांतिनाथ जिन–स्तवन : આ નવાનગરના શાંતિનાથની સ્તવના રૂપ રચના છે. એમાં ૯ પદ્યો છે.

(૭) शांतिनाथ जिन–स्तवन : ૯ આમાં ૧૯ પદ્યો છે. કલ્યાણસાગરસૂરિએ એમાં કર્તા તરીકે પોતાના શુભસાગર નામનો ઉલ્લેખ કર્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) सत्यपुरीय महावीर स्तवन: આમાં સત્યપુર, સાચોરના તીર્થનાયક મહાવીર પ્રભુની સ્તવના ૨૨ પદ્યોમાં છે.

(૯) सम्भवजिन स्तवन: આ સુરતના ગોપીપુરામાં અંચલગચ્છના આચાર્યે સ્થાપેલ સંભવનાથ જિનાલયના મુખ્ય નાયક સંભવનાથની સ્તુતિ છે. તેમાં ૧૨ પદ્યો છે.

(૧૦) सुविधिनाथ जिन–स्तवन : આમાં સિતેતરપુરના સ્વામી સુવિધિનાથ પ્રભુની સ્તવના ૬ પદ્યોમાં કરાઈ છે.

(૧૧) माणिक्यस्वामी स्तवन : આ ૧૮ પદ્યની રચના હૈદરાબાદના આકોટ ગામની પાસે આવેલા કુલપાકના ઋષભદેવ સ્વામીની સ્તુતિ રૂપ છે. ત્યાંની પ્રતિમા લીલા માણેકની બનેલી છે, તેથી એ माणिक्य स्वामी ની પ્રતિમા તરીકે ઓળખાય છે.

## બે नामावलिओ :

(૧) पार्श्वनाथ सहस्रनाम અથવા पार्श्वनामावलि : આ રચનાનું પરિમાણ ૧૫૦ શ્લોકોનું છે. તેમાં પાર્શ્વનાથનાં ૧૦૦૦ નામોનો નિર્દેશ છે. જૈનોમાં તેમ જ ઈતર હિંદુઓમાં પણ સહસ્રનામો અનેક દેવોનાં મળે છે. કવિએ આ રચના વિ. સં. ૧૬૯૬ માં ખેરવાના શ્યાલગોત્રીય શ્રેષ્ઠી ઈશ્વરે કાઢેલા ગોડીજીના સંઘમાં કરી છે. આ હિસાબે આ કૃતિ ૧૬૯૬ જેટલી પ્રાચીન છે. આ નામો જિનભગવાનનાં લક્ષણો પણ દર્શાવે છે.

(૨) पार्श्वनाथ अष्टोत्तरशत नाम: આની નોંધ जिनरत्नकोश (વિ. ૧, પૃ. ૨૪૪)માં છે. એમાં પાર્શ્વનાથનાં ૧૦૦૮ નામો છે. બન્ને નામાવલિઓ પૈકી એકે પ્રકાશિત નથી, એટલું જ નહિ, પણ આ બે ભિન્નભિન્ન કૃતિઓ છે કે કેમ તે જાણવા માટે બન્નેનાં પ્રારંભિક અવતરણો પણ રજૂ થયેલાં જણાતાં નથી.

चरित्रो : (૧) शांतिनाथ–चरित्र[1]

(૨) सुरप्रिय चरित्र[2]: આ રચનાને અન્ય મુનિ શ્રી કનકકુશલ ગણિની રચના સુરપ્રિયમુનિકથાનકની રચના સાથે સરખાવી શકાય. જૈન ગ્રંથાવલિમાં સુરપ્રિય કથાનો ઉલ્લેખ છે.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં સંસ્કૃત કૃતિઓ વિશે માહિતી આપી છે. એટલે હવે ગુજરાતી કૃતિઓ વિશે થોડુંક કહીશ.

---

૧–૨. આ બન્નેની પટ્ટાવલી (પૃ. ૩૫૧)માં નોંધ છે. એ બન્ને કૃતિઓ સોમચંદ ધારસીએ પ્રસિદ્ધ કરી છે. તેમ છતાં એમાંથી એકેની નોંધ 'જિનરત્નકોશ' (વિ. ૧)માં જણાતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બે ગુજરાતી કૃતિઓ :

(૧) **વીસ વિહરમાન જિન સ્તવન** કિંવા **વીસી** : આ કૃતિનો પ્રારંભ નિમ્નલિખિત પંકિત દ્વારા કરાયો છે.

શ્રી સીમંધર સાંભલઉ એક મોરી અરદાસ.

(૨) **અગડદત્ત રાસ** : આની નોંધ જૈન ગૂજરાતી કવિઓ (ભા. ૩, ખંડ ૧, પૃ. ૪૬૭)માં છે. ત્યાં કહ્યું છે કે, આ રાસ વિ. સં. ૧૬૪૯ થી ૧૭૧૮ ના ગાળામાં રચાયો છે.

[ આ બન્ને ગુજરાતી કૃતિઓ અંગે મેં 'જૈન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, રેખાંકન'માં ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તક અત્યારે (ઈ.સ. ૧૯૭૬ માં) છપાય છે. એ 'મુક્તિ-કમલ-જૈન-મોહનમાલામાં પ્રસિદ્ધ થશે. ]

આ ઉપરથી જોઈ શકાશે કે, સાહિત્યના જે લાક્ષણિક, લલિત અને દાર્શનિક એમ ત્રણ પ્રકારો સૂચવાય છે, તે પૈકી પ્રથમ બે પ્રકાર પૂરતી અત્ર શ્રુતોપાસના છે. લાક્ષણિક સાહિત્ય અંગેની એક જ કૃતિ છે. ( વિવરણ જો સ્વોપજ્ઞ હોય તો બે કૃતિઓ લલિત ગણાય.) જ્યારે બાકીની બધી કૃતિઓ લલિત સાહિત્યને લગતી છે. એમાંની કોઇ કોઈ કૃતિમાં આનુષંગિક સ્વરૂપે દાર્શનિક આધ્યાત્મિક વિચારણા આવે છે.

■ ■ ■

---

यथा नागपदेऽन्यानि पदानि पद्गामिनाम् ।
सर्वाण्येवापिधीयन्ते पदजातानि कौञ्जरे ॥
एवं सर्वमहिंसायां धर्मार्थमपिधीयते ।
सोऽमृतो नित्यं वसति यो न हिंसा प्रपद्यते ॥

જેમ મહાનાગ–હાથીનાં પદચિન્હમાં પગે ચાલનારાં અન્ય સર્વ પ્રાણીઓનાં પદચિહ્ન સમાઈ જાય છે, તેવી જ રીતે સર્વ ધર્મ અને અર્થનો એકમાં (અહિંસામાં) સમાવેશ થઈ જાય છે. જે પુરુષ હિંસા નથી કરતો, તે નિત્ય અમૃત થઈને પ્રાણી–નિવાસ કરે છે, જન્મમૃત્યુના બંધનથી મુક્ત થઈ જાય છે.

* * *

अभयं सर्वभूतेभ्यो दत्वा यश्चरिते पुनः ।
न तस्य सर्वभूतेभ्यो भयमुत्पद्यते क्वचित् ॥

જે મુનિ સર્વ ભૂતોને અભય આપી વિચરે છે, એને કોઈ પણ પ્રાણીથી કયાંય પણ ભય ઉત્પન્ન થતો નથી.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org